કાવ્ય કોડિયાં

# ઉશનસનાં કાવ્યો



પ્રકાશક : લોકમિલાપ ટ્રસ્ટ

# અનુક્રમણિકા


વળાવી બા આવી....4

વસંત (પંચમી)ના પવનો....5

લાવ,હજી ---....6

રામની વાડીએ....7

પુષ્પ....8

રાત્રે સૂવા જતાં....11

ગાડાવાટે....12

હું જન્મ્યો છું કોઇ---....13

હવે તો....!....14

પ્રભાત....16

વાયરે વળી જાય _....18

વસંતની પરીઓ !....19

અનરાધાર....20

મધુર નમણા ચ્હેરો....21

અસફળ....22

પરસ્પર પરોક્ષેય....23

જૂના ચ્હેરા જાગે....25

હું જાણું _....26

હું મુજ પિતા !....27

ગૃહપ્રવેશે....28

કેદી.......29
અષાઢે.......31
આ રસ્તાઓ.......32
તૃણ અને તારકો વચ્ચે.......33
વિશ્વજનની સ્વરૂપ !.......36
હ્વે.......37
થોડે સુધી જ.......38
બ્રહ્મશિશુના છંદ.......39
વસંત-તડકા : તડકાને મેળે.......41
વસંત- ભણકાર.......44
વસંતક્ષોભ.......46
ઇચ્છાઓની વસંત.......47
વિરહ્ના ચાતુર્માસ.......48
સાપુતારા (બીજી મુલાકાતે).......50
બે સૉનેટો.......51
નદીના થાળાને.......53
ડુંગરા.......54
પથોન્મત્ત.......57
પ્રીતિની પાંચ ગીતિઓ.......59
જો વાંધો ન હ્રોય તો તમને _.......64
મેણું.......65

સાંજુકા પવનોમાં ... 66
સ્વસ્થ તાજા અવાજ ... 67
ગામ નજીક આવતું જાય છે તેમ તેમ ... 68
વતન એટલે ... 70
જો હોય ... 72
વસંતમાં ... 73
વરસાદમાં વતનની યાદ ... 74
સર્ગ ... 76
મશ્કરી ... 78
આટલે તનિક નેડે ... 79
મન માને તબ આજ્યો ... 80
પ્રેમ તણી આંગળિયે વળગી ... 82
હે તૃણવતી ! ... 83

## વળાવી બા આવી

રજાઓ દિવાળી તણી થઇ પૂરી, ને ઘર મહીં
દહાડઓ કેરી સ્ખલિત થઇ શાંતિ પ્રથમની.

વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘર તણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઇ, સહુએ.
લખાયેલા કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યા સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઇ ગયાં.
સવારે ભાભીનું ભર્યું ઘર લઇ ભાઇ ઊપડયા,
ગઇ અર્ધી વસ્તી, ઘર થઇ ગયું શાંત સઘળું,

બપોરે બે ભાઇ અવર ઊપડયા લેઇ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી;
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

---

## વસંત (પંચમી)ના પવનો

વસંતપવનો નિહાળી રહું ઓટલે હું ખડો;
અલજજ અલવીતરા ટીખળી ટોળીબંધે પડયા
અહો, નીકળી શેરી શેરી વનવીથિએ ફાંફડા
રજોમલિન માધાના રખડુ ફાગવેશે ભડે!
વસંતપવનો નિહાળી રહું ઓટલે : શી અહા!
ધમાચકડી રે મચાવી રમણે ચડયા આકળા
જવાનવયના તૂફાની ભરવાડના છોકરા,

વને હચમચાવી વલ્લીદ્રુમપર્ણ સૌ, વાહ વા!
વસંતપવનો : અહો, નફિકરા, પડયા પ્રાતથી

મચેલ ઉધમાતિયા ધૂળ ઉરાડવા ભૈરવ;
બધાંથી અદકા પ્રહૃષ્ટ ,મધુઆગમે ઉત્સવ
અશો મદીલ વન્ય અન્યતર કોઇનેયે નથી.

વસંતપવનોની હ્યાં ઘરતટે સહું ઝાપટો,
અને વયતટે મનો, વનતટે કળીસંપુટો.

## લાવ,હજી ---

લાવ, હજી એક સાદ કરી લઉં,લાવ, ગાઇ લઉં ગીત;
લાવ, જોઉં કોઇ વિદાયસજલ આંખ માંડે અહીં મીટ.
વણમાણ્યાં સુખદુઃખની પોઠો વહી ચાલી વણજાર,

પદરવના સંચાર હજી કયહીં, ખુલ્લાં હજીકં દ્વાર;

લાવ, કરી જોઉં જો કોઇ પંથનું થાયે મીત;

લાવ, હજી એક સાદ કરી લઉં.

હાટ ગયું વીખરાઇ, હજી તોયે પશ્ચિમતીરે તેજ,
જગ-જમના તટથી ખેંચે અણદીઠ ઘરનું હેજ;

લાવ, જોઉં કોઇ જાય મળી, આ ભાર કરી લે ક્રીતઃ

લાવ, હજી એક સાદ કરી લઉં.
જીવનમેળે વાટેઘાટે જૂગટે પામ્યો હાર,

લાવ, જતાં વળી આજ રમી લઉં જિંદગી આખિર વાર;

એય બને કે અંતિમ દાવે સામટી થાયે જીત :

લાવ, હજી એક સાદ કરી લઉં.

## રામની વાડીએ

રામની ભોંયમાં રામની ખેતરવાડીએ જી,
આપણા નામની અલગ છાપ ન પાડીએ જી.

જગન ચોક ચબૂતરે વેરી રામધણીની જુવાર,
તે પર પાથરી બેઠો તું તો ઝીણી પ્રપંચંની જાળ;

ધર્માદાચણથી પંખી ન ઉડાડીએ જી.

રામની વાડી ગામ આખાની, હોય ન એને વાડ,

બાંધ જો તારું ચાલતું હોય તો આભને આડી આડ;

વાડ કરી આ ક્ષિતિજ ના વણસાડીએ જી.

રામની વાડી ભોગવી ભાઇ, હકનાં પાઇ નીર,

સૌને વ્હેંચી ચાખવી આપણે રામના ફળની ચીર;

આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએ જી.

---

# પુષ્પ

ભીંત પર કો તૃણ-શષ્પ,
તેની ઉપર જોઉં પ્રભાતે

(રે, ના હતું રાતે?)
કો અનામી એક નાનકું પુષ્પ!
જેનું વતન
કો બીડ,
કોઇ ગાઢ વન
જ્યાં એહનાં વસતાં કરોડો ભાંડુજન
તે આજ છોડી ભીડ
(પાડોશના છોડીય પંખીનીડ)
વન, અહો તૃણને પ્રતીકવેશે
આ અમારા પુરપ્રદશે
છે અતિથિ મુજ સદન!
વૃન્ત પર છે પાંચ નાની રંગછાંટી પાંદડી
જે કંપતી અમથીય જ્યાં લહરી અડી.
તે મને જાતી હરી
પાંખો પરે બેસાડીને જાણે પરી
કાળમાં ક્યાંયે સુદૂર પરી.... પરી...

હું હવે એનો અતિથિ!
પંચાંગુલિ પકડી ઘુમું વનવન તણી,
યુગયુગ તણી વીથિ વીથિ!
પાછી જીવું મારા હજારો જન્મની જાતક કથા,

પાછો પળું હું રામ-પાંડવ સંગ વન,
વેદ-વાલ્મીકી-વ્યાસનાં ધૂમું કવન,
બુદ્ધની સંગે તપું તપ ને વસંતલ વનપવન
કણ્વ જેવા આશ્રમોથી લાવતો પ્રીતની વ્યથા.

પંખી-પશુ-ઉદ્ ભિજ -જન

સર્વનું પ્રીતનું મિલન.

મેળો _
એ બધામાં હુંય ભળી!
ત્યાં સાંભળી હું વન વીંધીને આવતાં
પ્રેમીઓનાં કાળજાં કંપાવતો
મંજરી ચૂગી ચગેલો, મત્તઘેલો,
અમરાઇમાં કયાંયે છૂપેલો

પિકસ્વન!
કેફમાં અર્ધાં જ ઊઘડે મુજ નયન :
જોઉં તો, છે એ જ ભીંતે ફૂલડું

પાંખથી ઊતરી હું પાછો સખ્ત સાંપ્રતને અડું;
જોઉં તો, અંગાંગ મારે રોમહર્ષ!
ને વય મહારી ચારપાંચ હજાર વર્ષ!

---

# રાત્રે સૂવા જતાં

દુકાન  કરી બંધ; વાળુ કરી લીધું ને ઓટલે
પડોશી સહુ સંગ બેક  કરી  કુર્સદી  ગોઠડી,
પતાવી  દઇ સર્વ વિશ્વવ્યવહારપ્રશ્નો  ઘડી
પ્રવેશું ઘરમાં,કમાડ કરું બંધ મોટા'ગળે;
ઉતારું દિનવેશ  કલેશમય ઘાણી જેવો અને
સજું રજનીનો સફેદ હળવો,  પથારી કરી
ટપોટપ સ્વિચોફ બત્તી ઘરની કરી ભીતરી
પથારીતલમાં પ્રલંબી દઉં શ્રાન્ત આ કાયને;
પૂરો હજીય બાહ્ય વિશ્વ થકી ના કપાયો અરે!
ચૂગી  મનની  ચલ્લી લાવી કંઇ બ્હારના તાંતણા
વીણી  વીણી, નિશે હવે  ભરતી  નીડ  સોહામણા,
હું તે મનબખોલથીય નીડ દૌં ઉશેટી  દૂરે;
અને નીરખું તો અખંડ ત્યહીં ઝીણી ઘી-દીવડી
તવ સ્મરણની ઉજાળી રહી આખી આ ઓરડી!

## ગાડાવાટે

બળદડોકના ઘૂઘરા સુણું રોજ હું ભાંગતી રાતે :
કોણ જતું ને આવતું રે નિત ગામની ગાડાવાટે ?

કણ કણ રજની કિચૂડનાડદે સાંભળું હું કચરાતી,
સ્મૃતિ મુજ સત્વર વતનગામને પાદર પ્હોંચી જાતી,

સારસને સ્વર નીરવ રજની તૂટતી તલાવઘાટે.

કલ્પી રહું : ઇદચાંદમાં ઝાંખી ચળકે અરબી રેતી,
પ્રબંલ ઓળે કારવાં ઢૂંઢી દૂર નગર કો લેતી,

બુલંદ દરવાજા ઊઘડે જ્યાં બાંગ શું કિચૂડાટે.
આમ જ એક દી નીકળી હોશે વડવાની વણજારે,

રેત કુમારી પીલતી પૂગી સંસ્કૃતિના સિંહ્દ્વારે,
મન મારું ઊપડી રે જાતું દૂરના રઝળપાટે.

## હું જન્મ્યો છું કોઇ---

હું જન્મ્યો છું કોઇ વિરહ તણું મીઠું દરદ લૈ
ઉછેરે મારા જે ઊછરતું રહ્યું ગૂઢ ભીતરે,
થતાં એનાં અંગો વિકસિત પૂરાં પુખ્ત વયનાં

સમાતો ના એનો મુજ ભીતમાં ઇન્દ્રિયગણ;
અને એણે એની વયરુચિ પ્રમાણે નજરનું
પ્રસારીને લાળે ચીકણું ચીકણું જાળું સઘળે

ગ્રહી, ચાખી વસ્તુ નવી નવી, અને થૂથુ કરીને
થૂંકી નાખી છે રે; વળી વધી જતો મૂળ વિરહ;

હું જન્મ્યો છું સંગે વિરહ લઇ કો ગૂઢ; નહિ તો
બધા ભોગે શાને ક્ષણિક રસ, ને ગ્લાનિ જ પછી?

અરે, તો આ કોનો વિરહ ઊછરે છે મૂજ વિશે?

મળ્યું જન્મારાનું દરદ, પછી, તો કોની પ્રીતનું?

ન જાને, આ કોનો વિરહ મૂજ આ હાથ પકડી

જતો દોરી? કોને ઘર લઇ જશે અંતિમ ઘડી?

# હવે તો....!

**1**

હવે તો કંટાળી ગઇ છું નીરખી રાહ સતત,
ગઇ આંખો થાકી નીરખી નીરખી ચોગમ પથ,

પ્રતીક્ષાર્થે પ્હેર્યાં કડક નવલાં વસ્ત્ર સઘળાં
ઉતારી નાખું છું_ કડક કઠતી ચૂંદડી થકી

મને ઓટીસ્થાને ચચરતું કશું ચામડી પરે;
હવે વ્હેલામોડા, સરખું મુજને, વેળ વટી જ્યાં;
સદા સત્કારાર્થે બનીઠની રહી સજ્જ ભૂષણે

દુખી આવ્યું છે રે શરીર બધું આ અક્કડ રહી;

હવે તો લંબાવી દઉં શિથિલ ને શ્રાન્ત શરીર,

ચડ્યું દ્હાડાઓનું વળી કરવું છે કામ ઘરનું,

તમે આવો ને જો ઘરનું કરતાં કામ મુજને
નિહાળી જાઓ તો (અલકજૂટ હોળ્યા વગરનો

અને મેલાંઘેલાં ઘરવસન તો) ઠીક જ થશે,
તમારે મારું આ ખરું રૂપ જ હા, ચ્હાવું પડશે.

**2**

તમારે ક્યારેયે અતિથિજન ! જો આવવું અહીં,
તમારે મારું આ ખરું રૂપ જ હા, ચ્હાવું પડશે;

નથી મારે ખોટા ક્ષણિક ઉપચારોથી ઠગવા,

અનભ્યાસે લાગે અગવડભર્યાં અંગભૂષણો;
પરાયું માનીને અગર અહીં જો આવવું ચહો,
રહો તો ના આવો. કહું પ્રથમથી; પોતીકું ઘર

ગણીને આવો તો અતિથિ, મુજ ટેવોથી સઘળી

તમારે ટેવાવું_ ગમી-અણગમી સૌથી_પડશે;
મુખે બંસી, માથે મયૂરપીંછનું છોગું ધરીને,

કટીએ કંદોરો, પટફૂળ પીળું રેશમી સજી

ભમો છો ગોપીનાં ઘર ગણત તે છેલછબીલા!

અહીં ન્હૈં ચાલે કૈં, ઘર મહીં પ્રવેશે જ સઘળા

ઊંચા મૂકી વાઘા નિત લગના _ આ ઘર તણા

થવા ચાહો સ્વામી_ થવું જ પડશે ધૂળવરણા.

## પ્રભાત

મને મારા વાડા તણા પારિજાત નીચે

તાજું તાજું એક પ્રભાત જડ્યું છે.

હમણાં જ જાણે કલ્પદ્રુમ તણી

ડાળખીથી ખરી પડ્યું છે.

હળવેકથી બિલકુલ ઉપાડી લઉં એ ફૂલ
એની પોચી પોચી પાંખડીઓ
જેને હજી કિરણોએ કોચી નથી _

અડકાડું પોચા પોચા હાથ થકી;

પોચાં પોચાં પોપચાંળી પ્રહર્ષિત આંખડીઓ!
પછી એનો ત્વચા પર રોમેરોમ કરું સ્પર્શ,

ત્યાં તો રોમેરોમ સાર્વભૌમ રોમહર્ષ!
પછી એને આણું જરા નાસિકાની પાસ.
નસકોરાં બેઉ પ્હોળાં કરી ભરી દેવા ફેફસાંમાં, પ્રાણોમાં સુવાસ,
એવા તો લઉં ઉચ્છ્વાસ, એવા તો લઉં ઉચ્છ્વાસ. . .
શ્વસનમાં આવી જતું આખુંય આકાશ _
એવો તો ઊઠયો વંટોળ _

જરા કંપ્યોય ખરો ખગોળ,
જરા હાલ્યોય ખરો ભૂગોળ,

ઉચ્છ્વાસ ને વાવાઝોડે કંપી ઊઠયાં કલ્પદ્રુમો,
કેટલીય ખરી પડી હશે ફૂલ તણી લૂમો
અને પેલા ફૂલ તણી ડાળી
વાવાઝોડે એવી તો વીંઝાય, એવી તો વીંઝાય. . .

ઝૂકતીક છેક મારી ઘરની પછીતે વાડા તણી ભીંતે

જ્યાં પડે મારી જાળી _
નમતીક નાસાનેય અડી પડે એટલી નજદીક આવી જાય.

---

## વાયરે વળી જાય _

મારું મન વાયરે વળી જાય.
નાજુક નમણી થનગન વલ્લરી જેવું જાણે,
રૂપ નથી રે, રંગ નથી રે, પરિચય કેવળ પ્રાણે,

કાયા ગંધની ઘડૂલી છલછલ
અમથી અમથી તેમ ઢળી જાય.

રત રતના રાહી છો આવે, આવે છો રંક ને ભૂપ,

સાર અમારો સારવી લેવા જોઇએ મંન મધુપ,

પવન સમો પાલવ લઇ આવો,

મનની મંજરીઝૂલ ઝરી જાય.

એને અંજલિ બનવું, ઢૂંઢી આંખડી બેની માયા,

પ્રીતના કોશને કયાંય નથી રે પાંખડીનીયે કાયા,

કોક જો કામણગારી કીકી

આટલી મારી વાત કળી જાય.

---

## વસંતની પરીઓ !

હવાના હિલ્લોળે ભીંત ઉપર કૅલેન્ડર તણાં

રહે કંપી પત્રો : (વનતરુ તણી મર્મર સુણું,)
વનોની વાર્તાઓ ! ફૂલની પરીઓનું જગ જૂનું!

સુગંધી વાયુની લહર મહીં ઊડંત શમણાં!
ધૂસે બારી-જાળી-તરડ થકી – છિદ્રોથી ઊજળી
રવીંન્દુની રૂડી કિરણપરીઓ; સૌમ્ય સ્પરશે
ઉઘાડી આંખોમાં સુપન-સુરમો આંજતી હસે;

ચણાયો છું ભીંતો તણી ભીતર, તોયે જતી હરી.

પડેલું કો ભૂલું વન તણું પતંગું રૂપમઢયું

બધે ખંખેરે છે ઘર-ગગનમાં રંગની ધૂલિ;
રહે મારાં નેત્રે, નજર ધનુ કો ઇન્દ્રનું ઝૂલી;
અહો, એને ઝોલે કવણ વળી આ લોચન ચડયું?
હવામાં ભૃંગોનું ગુનગુન વીંઝાતાં મદકલ
ભીંતો વચ્ચે મારું મનમુકુલ કોળે દલદલ!

# અનરાધાર

ઊભું ઊભું નભ નીતરતું કયારનું એકધારું,
ધારાઓયે સરલ અડતી પૃથ્વીપૃષ્ઠે અતૂટ,
ધારાતંતુ પવન નથી કયાં તોડતો સીકરોમાં,

તોળાઇ છે ગગનછત શી મેઘધારા સળીથી!
મૂગું મૂગું નભ નીતરતું એકધારું અજસ્ત્ર,
મૂગી મૂગી તૃણ-ઊન-વતી ઘેટી શી ટેકરીઓ
વાદે ગોંધી પલળી જ રહે વાદળી જેવી પોચી;

સીમો કેરું ધણ તરુ તણું રે નિરાધાર છત્ર
ભીંજાતું રે. . . કદીક તન કંપી જતું શીત ધારે

તેનાં થોડાં લવ ખરી જતાં રોમ શાં પાંદડાંથી;

મૂગી મૂગી નભ નીતરતી શેરીથી ગાય એક

આવી મારા ઘરની પરસાળે ઊભી આશરો લે;

મૂગો મૂગો સમય નીતરે વાયરા શો જ કિલન્ન;

મૂગું મૂગું મન નીતરતું,
 જતું ઊતરતું કો ઊંડે દેશ ભિન્ન.

# મધુર નમણા ચ્હેરો

મધુર નમણા ચ્હેરાઓની હવા મહીં પ્યાલીઓ
ગગન કરી દે કેફે રાતું કસૂંબલ આસવે;
નયન હજી તો હોઠે માંડે, પીધોય ન ઘૂંટડો,
નજર ખુદ ત્યાં મારી પીવા જ શી મદિરા બની
જતી લથડતી ધોરી રસ્તે પતંગ શી ફલ પે
વદન વદને ઊડે, બેસે, પિયે મધુ, ચીકણી
ઘણીય વખતે મારે એને ઉઠાડવી રે પડે,
નયન મીંચીને ઢીંચ્યે જાતી અસભ્ય ઊંઘેટ્ટીને,
મધુર નમણા ચ્હેરાઓનો ભવોભવનો ઋણી;
મુજ જીવનના પંથે છાયાદ્રુમો સમ જે હસ્યા,
નયન ઊતરે ઊંડે ઊંડે અતીત વિશયે, તો
મધુર નમણા ચ્હેરાઓના દીપે પથ ઊજળો!
જીવનવગડે કાંટામાં છો છૂંદાય પદો પડી,
મધુર નમણા ચ્હેરાથી તો ખસે જ ન આંખડી.

# અસફળ

મને તારી પાસે મુજ દરદની લાગણીભરી
રીતે ક્હેવા વાર્તા ઘણુંય મન છે રે; રજનીઓ
ગ્રહો નક્ષત્રોમાં વણપલક બારાખડી ઘૂંટી;
પરંતુ તું વાંચે અશી પ્રથમ ના પંક્તિ ઊઘડી;

મને આખો મોઢે અમર સરખો કોશ, પણ હા,
તને વીંધી નાખે, નથી જ હજી તે શબ્દ જડિયો;

હજી મારી પાસે સમય પણ લાખો જનમનો
જમા છે, બાકી છે_ પણ ક્ષણ તણી ખોટ, ક્ષણ જે

તહારા હૈયામાં વ્રણ મુજ મૂકી જાય બીજ શો _
ખૂટે જે કેમે ના સમય, પણ તે કંજૂસ કશો!
સજાવ્યું છે એવું સરસ નીડ શું _ કિંતુ ભય ર્‌હે :
તને હું આમંત્રી શકીશ કદી ના ઘેર_ કદી ના_
તું તારી મેળે જો નીકળી જ પડે એ તરફ. . .તો. . .

## પરસ્પર પરોક્ષેય

### 1.પુરુષ

મળ્યાં છેલ્લાં તેને પણ સમય ઝાઝો થઇ ગયો,
પછી તો ગંગામાં પણ જળ ગયું કેટલું વહી,
હવે પાછાં કાઢી ફુરસદ તણો કાળ ઘડીક
તમે આવો આણી તરફ કંઇ બ્હાનેય નીકળી;

તમોને આવું કૈં નથી થતું પ્રિયે ! કે બહુ સમો
ગયો છે વીતી ને નથી મળી શકયાં, પત્ર ન લખ્યો;
અને એ તો મારા વગર રહી ના સ્હેજ  શકતો,
વિતાવ્યો એણે આ સમય સઘળો શી રીત હશે?
પ્રિયે! કે આ જાદુગર સમયની વિસ્મૃતિ-પીંછી
તમોનેયે સ્પર્શી  ગઇ જ? ભૂંસી  નાખ્યો ભૂત બધો?

પડયાં વા એવા કો સુખ મહીં? ભલે, ભૂલી જ જજો,
ભુલાઇ હું  જાઉં  અતલ _ બસ _ એવું  સુખ  હજો;

શુભેચ્છા; તો ના'વો _ અહીં અટકું છું _ એ જ ઉચિત
લઉં ખેંચી આમંત્રણની સહ આખોય અતીત.

### 2. સ્ત્રી

બપોરી વેળા છે, દૃગ મળી ગયાં છે દિવસનાં
જરી થાકે, ઘેને; મુજ ઘરની સામે જ લીમડા _

નીચે શેરી વચ્ચે પ્રહર વિરમ્યો છે ક્ષણભર,
છૂટયાં છે ગાડાંઓ શ્રમિત તરુછાયાતલ અને
ધુરાથી છૂટેલા બળદ અરધાં નેન મીંચીને
પૂળાનો વાગોળે કવલ સુખની કો સ્મૃતિ સહ;
સખી, ઑફિસે એ પણ અવ ગયા ખાઇકરીને,
(પ્રભુ ! મારું હેવાતન અમર ર્હો, ર્હો કુશલ એ;)
ગયું આટોપાઇ ઘરનું સઘળું કાર્ય, ઘરનું
રસોડું ધોવાઇ લગભગ સુકાયું _ હું નવરી
સખી, આ વેળાએ સહજ ક્ષણ જો ચિત્ત નિજની
ધુરા છોડી – થોડું હળવું થઇને જાય ઊતરી
અતીતે, આઘેના સ્થળ મહીં, બીજા એક જણની
સ્મૃતિનો વાગોળે કવલ, પૂછું : એ પાપ જ હશે?

---

## જૂના ચ્હેરા જાગે

જૂના ચ્હેરા જાગે, ગત સમય કેરા રહી રહી.

સ્મશાને જાણે કે રજકણ ઊઠે છે સળવળી,
ઊઠે નાની'મસ્તી મૂઠી ધૂળ તણી આંધીલહરી
દિયે પાછો આ સાંપ્રતસમય સૌનેય ઢબૂરી.
ગમે તેવા ગાળા સુખસમયના હોય તદપિ,
કરે ગાળે ગાળે અચૂક ઊભું માથું સ્મરણમાં;
હસી ર્હે છે કોઇ ગમગીન, રહે તાકી કરુણું,
બીજા કો સંતાડે નયનજલ આડા ફરી જઇ.
બધાયે ચ્હેરા પે પઢી રહું ઉપાલંભની લિપિ,
ખરું છે : આયુષ્યે તમ વિણ હસ્યો છું પછીથીયે
ખરું : મેં સંબંધો જગત સહ દીધા ન ટૂંકવી,
ક્ષમસ્વ, કયારે તો રમૂજ જીવવામાંય પડી છે,
જૂના ચ્હેરા જાગે
અને જાણે મારા
ખુલાસાઓ માગે.

## હું જાણું _

હું જાણું : જન્મ્યા કે મરણ સમું કૈં નક્કી ન બીજું,
મનુષ્યે વ્હાલાંના મરણ થકી ટેવાવું જ રહ્યું;
બને તો મૃત્યુને શિવ _વર _ કહી ગાવુંય રહ્યું;
પરંતુ પૃથ્વીને મરણ હજી કોઠે નથી પડયું !
નવું ના, મૃત્યુ મેં વળી વળી દીઠું છે અહીં થકી
જતું ધોરી રસ્તે જીવન તણી ખાંધે ચડી ચડી.
_(અને જોવા જેવી બીજી ચીજ અહીં છેય કઇ તે?)

બધી વેળા થોડો વધુ વધુ રહ્યો ફિલ્સૂફ બની.
પરંતુ મૃત્યુ રે સ્વજનનું, શિરચ્છત્ર સરખા

સદા જોયા વ્યાપ્યા નભનું _ અમ ગેહે જ ? વસમું.

છયે કોઠે જીતી ફિલસૂફી અહીં સપ્તમ ગઢે
જતી હારી; હાવાં અવ સુદૂરથી પત્ર લખતાં

મને વીંધે શય્યા સ્મૃતિ શરની _ દેશો ન ઠપકો,

નિરાંતે ઓ મારાં નયન, અહીં એકાન્ત – ટપકો.

# હું મુજ પિતા !

અરે, આ વેળા તો અનુભવ થયો અદ્ ભુત નવો;
હતો પ્હેલી વેળા જનકહીન ગેહે પ્રવિશતો,

હું જાણે કો મોટા હવડ અવકાશે પદ ધરું;
બધી વસ્તુ લાગે પરિચિત જ કોઇ જનમની,
અશા કૌતુકે, કો અપરિચયથી જોઇ રહું કૈં;
પ્રવાસી વસ્ત્રોને પરહરી, જૂનું પંચિયું ધરું
પિતા કેરું જે આ વળગણી પરે સૂકવ્યું હતું;
પછી નાહી, પ્હેરું શણિયું કરવા દેવની પૂજા.
અરીસે જોઉં તો જનક જ ! કપાળે સુખડની
ત્રિવલ્લી, ભસ્માંકો ! અચરજ ! બપોરે સૂઇ ઊઠયો.

_પિતાજીની ટેવે ! _અશી જ પ્રગટી પત્રની તૃષા !
સૂતો રાત્રે ખાટે જનકની જ, રે ગોદડુંય એ !
નનામીયે મારી નીરખું પછી – ને ભડ્ભડ ચિતા,
રહું જોઇ મારું શબ બળતું હું; હું, મુજ પિતા !

---

# ગૃહપ્રવેશે

અને હાવાં મારા ઘર મહીં પ્રવેશું છું જીરણ
ઊંચા શ્વાસે, ભારે હૃદય થઇ તૈયાર સહવા
ગમે તે આઘાતો _ વળી નીરખવા દૃશ્ય કપરું

ગમે તેવું, પેલો સમય કશી મુદ્રા મૂકી ગયો,

જતાં જાતાં હ્યાંથી ઉઝરડી કશું જીવન ગયો;
પ્રેવશું ત્યાં ઊડયાં કબૂતર વીંઝી પાંખ ઘરમાં,

હલી ઊઠી આખી વળગણી સુકાવેલ વસનો
પુરાણાં હાલ્યાથી, ભીંત ઉપર કૅલેન્ડર હલ્યાં,

પુરાણા દદ્દાનાં પરણ વણફાટેલ ફરક્યાં,
_અને એમાં આછી ફરકી ગઇ કૈં પર્વતિથિઓ _

વળી થોડી જૂની ભીંત પરથી ગૈ કાંકરી ખરી;
દીઠા ફાટે ફોટે નીડ ચકલી કેરા તૃણગૂંથ્યા

ગઇ જ્યાં પેઢીઓ ઊછરી, ઊડી ગૈ ચક્ચક કરી;
_અરે, કૈં પેઢીઓ ઊછરી ઊડી ગૈ ચક્ચક કરી. . .

# કેદી

મેદાનમાં તડકો શિયાળુ કામળા જેવો પડયો ખુલ્લો;
થાય : જાણે ત્યાં બરાબર મધ્યમાં તન શેકવા ઊભો રહું;

એ મને ઘરબ્હાર બોલાવે,
પૂછે : 'આવે ?'
ના શકું પાડી નહીં, એવું હસે,
પાગલપણે મુજ મન ધસે,
અથડાય ઊંચા દુર્ગશી લજ્જા-દીવાલો સંગ,
_ ને ના જઇ શકાય.
વૈશાખ કેરી ચાંદની ચંદન સમી,
શેરી વિશે શીળી ઢળે, ખુલ્લી;
થાય : જાણે પોતડીભર ઢોલિયો ઢાળી ઢળું
આખીય રાત;
એ મને ઘરબ્હાર બોલાવે,
પૂછે, 'આવે ?'
ના શકું પાડી નહીં એવું હસે,
જક્કી ઘેટા જેવું આ મુજ મન ધસે,
કો બાહુઓ મુજની જ ફૂટી આગળા જેવા
મને રોકી રહે;

_ના જઇ શકાય.

ગામની ભાગોળ – વડનું લંબશાખી ઝાડ,
મનભરવાડને ખુલ્લું
દે નિમંત્રણ, ‘આવ, હીંચકે ઝૂલ;’

‘આવ, મારી રેતમાં આળોટ,
બેસ પ્હાની બોળીને મારા જળે આ પ્હાણ જોટાજોટ’

દે નોતરું નદીફૂલ.
આ સૌ મને ખુલ્લું વિશાળ
બોલાવતું : ‘તું આવ, રે તું આવ ઘરની બ્હાર.’

ના શકું પાડી નહીં એવું હસે,
કો અસલ પ્રાચીન કૌટુંબિક જીવનના રસે
પાગલપણે મુજ મન ધસે,
કોઇ ધિંગા, સૂક્ષ્મ, પોલાદી નગદ સાળિયા
ઊગી ચારો તરફ
રોકી રહે; -ના જઇ શકાય.

હું અમર્ષે શીશ પટકી હચમચાવી નાખું છું
સળિયા બધા આ સૂક્ષ્મ ભેદી,
હું સભ્યતાનો જન્મટીપ-કેદી.

## અષાઢે

અષાઢે તણખલું ના તોડીએ જી,
એ જી, એ તો ફૂટતું રે ઘાસ,
એમાં ધરતીના શ્વાસ,
એની પત્તીની પીમળમાં પોઢીએ જી.
પ્રભાતે પછેડિયું ના ઓઢીએ જી,
એ જી, આવ્યાં અજવાળાં જાય,
આવ્યા વાયુયે વળી જાય,
આવ્યા રે અતિથિ ના તરછોડીએ જી.
તારે આંગણિયે ઊગ્યું એ પરોઢિયે જી,
એ જી, એ તો ફાગણ કેરું ફલ,
એમાં એવી તે કઇ ભૂલ?
પરથમ મળિયા શું મુખ ના મોડીએ જી.

## આ રસ્તાઓ

મને આ રસ્તાઓ જરીય ઠરવા દે ન, ઘરમાં
ઘૂસી આવે કયાંથી ઘર વગરના, ચોર; પકડી
લિયે હૈયું, મારા કર પકડીને જાય ઘસડી,
ન પૂરું સૂવા દે; સ્વપન મહીં આવે નજરમાં.

વીંટાયા છે કેવા પૃથિવી ફરતા લઇ ભરડા !
નવા અક્ષાંશોની ઉપર નવ રેખાંશ-ગૂંથણી !
અરે, આ કૈં વાંકા ગલ જલધિનીરે જઇ પડયા !
હલાવું આ બીજા તરુવિટપ શા, તો મધપૂડા

ઊડે વસ્તી કેરા ટીશી ટીશી રહે શી બણબણી !
મને આ પૃથ્વીની પ્રીત પણ અરે, એવી જ મળી :
રહે ના દીવાલો ભીતર ગૃહિણી શી ઘર કરી ;
છતાં, હાવાં તો એ રખડુ શું હૈયું એવું હળ્યું કે

હું સ્વર્ગથીયે આ પૃથિવી પર પાછો ફરીશ, હા;

_ હજી કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા.

# તૃણ અને તારકો વચ્ચે

ઘણીય વેળા
જાગી જતાં માઝમ રાતના મેં
જોયા કર્યો સ્ફટિકનિર્મલ અંધકાર,
ઘણા ઘણા તારક-ઓગળેલો,
કો સત્ત્વ શો ચેતન વિસ્ફુરંત,
પૃથ્વી તણી પીઠ પરે ઊભા રહી;
ભૂપૃષ્ઠ ને વ્યોમ વચાળ

કો વસ્ત્ર શો ફર્ફરતો વિશાળ
અડ્યા કરે ઝાપટ જેની રેશમી;

અંધાર મેં અનુભવ્યો કંઇ વેળા પૃથ્વી પે
રોમાંચન સઘન-કાનન-અંતરાલમાં
વાયુ તણી લહરી શો મૃદુ મર્મરંત.
આકાશના તારકતાંતણા ને
ધરાની તીણી તૃણપત્તીઓથી
વણાયલું વસ્ત્ર જ અંધકાર આ;
મેં જોયું છે ઘણીય વાર અસૂરી રાતે
કે તારકો ઝૂકત છેક નીચે ધરા પે,
રે કેટલાય પડતા ખરી, ઝંપલાવતા

આ તૃણની ટોચ વડે વીંધાઇ જૈ
પ્રોવાઇ
મોતી થવા, સૂરજ-તેજનું પીણું
પીવા;
જેને તમે ઝાકળ ક્હો પ્રભાત _

_ ને જોઇ છે મેં તૃણપત્તીઓને
ઊંચે ઊંચે વધતી આભ-પીઠે વવાઇ
( આકાશમાંયે ધરતી તણું ધરુ ! )
તારા તણું ખેતર થૈ ફળી જવા.
તારા તણાં કણસલાં કંઇ મેં દીઠાં છે;
_ ને જોયું છે મેં મુજમાં રચાતું
માટી અને તેજનું ચક્રવાલ કો
લીલી અને ઉજ્જ્વલ ઝાંયવાળું !
મેં અંધકારે મુજને દીઠો છે
કાયાહીણો કેવળ પારદર્શક
આ તારકો ને તૃણને જવા'વવા
કો સૂક્ષ્મ સંવેદનશીલ માધ્યમ,
કો સ્તંભ ટ્રાન્સ્મીટરનો સીમમાં ઊભેલ !

ત્યારે મને કશુંક ભાન ઊંડું ઊંડું થતું :
જાણે હું કોઇ ગ્રહ છું તૃણ-તારકોનો
આ આભ ને અવનીની અધવચ્ચ કયાંક,

જાણે

હું તારકો ને તૃણની બિચોબિચ,
છું તારકો ને તૃણથી ખીચોખીચ !

---

# વિશ્વજનની સ્વરૂપ !

વળાવી બા, આવું, ઘર મહીં પ્રવેશું, નીરખું તો,
નવાઇ ! ના ખાલી કશું જ ઘરમાં ! કો સભરતા
બધે છે વ્યાપેલી જનનીરૂપ ! શૂન્ય ન સ્થિતિ !

પથારીમાં જોઇ હતી મૂરત જે વ્યક્તિરૂપ તે

હવે થૈ વિભૂતિસ્વરૂપ વિકસંતી ચિતવને,

કરુણા-વાત્સલ્યે સભર નરી એ વિશ્વજનની !
પરંતુ રેખાઓ પરિચિત મને એ મુખ તણી

ચહી જેને માતા કહી કહી મમત્વે ભજી, યજી;
અરે, એને આવા વિતત રૂપમાંયે લઉં પ્રીછી,

તને હંમેશાયે વતનઘર વંટોળ વચમાં,

ભીંજાતી ભીંતોમાં ટગુમગુ થતી દીવડી સમી
અને સંધ્યાકાળે તુલસી તણી ડોલે ઘૃત તણા

દીવારૂપે શીળી પ્રસરતી પ્રભા કયાં દીઠી ન’તી ?

પિતાના પૂજાપે પમરતી ન’તી ધૂપસળી તું?

# હવે

હવે તારું આવું સ્મરણ ઝબકી જાય કદીક,
અને આ આંખો બે જરી ભીની બને એ જ. . .

નહીં એથી ઊંડી ડૂબકી અતીતે, માત્ર ભ્રમણ

ખયાલોના જૂના પ્રિય વમળમાં સ્નેહ . . .
હવે એ બિંદુનું નહિ પ્રસરવું રેખ બનીને

ભવિષ્યે થોડો કૈં મરુ-વીરડીમાં ભેજ . . .
હું હોઉં ડૂબેલો દફતર વિશે ટેબલ પરે

તુમારોના ગંજે, ત્યહીં ઊઠતી સામે જ. . .
ઝબૂકી બે આંખોયે, નહિ શરીર એને, નહિ મુખ,
ન પૂરી આંખોયે, નજર જ ભરી હેજ. . .
ન તેથી મોટી કૈં અડચણ; ચલે કાર્ય નિતનું
જરી થંભી; થોડી કલમ થથરે એ જ. . .
જરા જૂનું હૈયું અટકી, ધડકે ઝાઝું ક્ષણ, ને

ભીની આંખો પાછી જગસ્મિત શું આમે જ. . .

# થોડે સુધી જ

થોડે સુધી જ પુર, ઇંટચણ્યાં મકાન,
તેને અડી પછી પડયું નર્યું આસમાન;
થોડે સુધી જ પદચિહ્નિત માર્ગ, ને પછી
નિશ્ચિહ્ન અસ્લુસૂલ ગાઢ વનો તૃણશ્રી !
થોડે સુધી જ વસતિ, કૃષિ, ચૌટું, દેવળ;
તેના પછી નરી પહાડી અને સમંદર !
આ આટલી જ ઇતિહાસની પોપડી; નીચે
જૂનો પ્રવાહી ગ્રહ એ જ હજી ઊનો ઊનો !

ને કાળ કાઢી શકું જો ઘડિયાળ બ્હાર તો

_ તો એ જ આદ્ય શ્વસતો ખીણમાં, ગુહામાં;

આ આટલો લગી જ શબ્દખલેલ શૂન્યમાં,
તેના પછી નિરવિધિ નર્યું મૌન નિસ્તલ.
થોડે સુધી જ રુધિરે હજી સભ્યતા-નય,
સ્પંદે નીચે પરમ વિસ્મય આદ્યનો લય !

# બ્રહ્મશિશુના છંદ

ઉપર તારા,
નીચે નારા,
વચ્ચે ખેલે અપરંપારા !

તારા ચળકે,
નારા ખળકે,
પાંદડે પોઢ્યા પોતે મલકે !

ઉપર અખિલ,
નીચે નિખિલ,
વચ્ચે પાંદડે પોતે ખિલખિલ !
આભની જ્યોતિ
નારા પ્રોતી,
હાથમાં ના'વે પાંદનું મોતી;

ના સૂર, ચંદા,
નીરવ છંદા,
વડને પાંદડે આનંદકંદા !

તારા-નારા,

વચ્ચે મારા

કીકી શા એ કામણગારા ;

ઉપર તારક,

નીચે છાલક,

છોળમાં છંદે નંદનું બાળક,

ઉપર ગોલક,

નીચે લોલક,

વચ્ચે વ્હાલો હાલંડોલક.

## વસંત-તડકા : તડકાને મેળે

શેડકઢા આ તડકાઓમાં
તાજી તાજી ટેકરીઓની
પોચી પોચી ટોચો કેરી

કળીઓ કળીઓ ઊઘડી ગઇ છે
શુભ્ર ફૂલોની ઝાળઝાળના

ભડકાઓમાં.
ટેકરીઓની ચટ્ટાનો પર

ખીણઊભર્યાં મેદાનો પર.
તડકાના કણ મોંમાં લૈને
ઝણઝણ ઝણઝણ

ખદબદતું કીડિયારું !
તડકે તડકે પગદંડીઓ
ટેકરી ઉપર ચડે;
હર ખેતરથી કેડી કેરી
ખળખળ ખળખળ આવી મળતી
તડકાના મેદાનતળાવે !

ટેકરીટોચે છેક
એક છે તડકા કેરી દેરી;
દેરી ઉપર ફરફર ફરફર

ધજા મહીં ફરકે છે ધોળો
ધોળો ધોળો તડકો.
તડકિત પવનો વાય,
તડકિત ડોલે હર વસ્તુની છાંય.

આંખો તડકિત !
પંખી કેરી પાંખો તડકિત !
ઘાસ ઉપરની માખો તડકિત !
ફૂલો તડકા ! તડકાનું ફૂલ !
ગીતોના શબ્દો છે તડકિત !
તડકિત છંદોલયની ઝૂલે !
મેદાને મળિયો છે ઘેરો
તડકા કેરા કણ કણ કેરો

તગતગ મેળો !
એક ખાનગી વાત :
(હું પણ ભેળો)
પુલકિત તડકો, તડકિત પુલકો !

આભ લગી આભાની ઝલકો !
આભલું તડકો ! ધરતી તડકો !
જોનારાની આંખો તડકો;
જોવાની વસ્તુ તે _ તડકો !
ચ્હેરો સૂરજ, ચ્હેરો તડ્કો !
સૂરજ-તડકો-ચ્હેરો _ એકાકાર,

તડકાના મેળામાં મેં તો ખોયો મુજ આકાર,
ખોઇ નાખ્યો રે મેં તો મારો
અળગો નોખો રે રૂપરેખનો ચ્હેરો !
_ ચ્હેરો જે મેં
અંધારામાં, બનીઠનીને,
રૂડુંરૂપાળું નામ દઇને
પહેર્યો. _
શેડકઢા આ તાજા તાજા તડકાઓમાં.

## વસંત- ભણકાર

વન રે વગડાને એકલ વોકળે
ઝાડી ઝૂકેલ તીર
ફૂટતી વયનું તે કાચું ડોકિયું
પરથમ પ્હેલુ રે નીર,
વ્હેતાં આ વારિને કોણે રોકિયાં ?
કોળ્યા કયાં કાલિંદીના કાંઠડા !
ઘટમાં વહી આવ્યું આકાશ,
ઘડુડે વમળાઇ કોની આંખડી ?
કોની નીતરી આ મ્હોંકળાશ ?
કોના આ અણસારા આવી પોકિયા ?
પૂંઠેથી ઝૂકી મૂકયું વેણીએ
કોણે કદમ્બરનું ફૂલ ?
વણ રે નાહી તીરે નીતરું
લદબદ લજ્જાને દુકૂલ !
કોણ રે અજાણ્યાનાં આ ડોકિયાં ?
ફફડી રહે છે મારી આંખડી,
થરકયાં કરતું આ અંગ,

ઘટને મારી કોણે કાંકરી ?

વરતુલાતા તરંગ !

કોના રે ભણકારે કાળજ ચોંકિયાં ?

## વસંતક્ષોભ

તડિત સરખી તિરાડોમાં તડાક દઇ તૂટયો
શિશિર સરનો સો સો સૂર્ય સપાટિત આયનો,
ભીતર તરતા આખા બિમ્બે ઊડી શત કચ્ચરો,

શત સીકરમાં હિલ્લોળાઇ ઊઠયો દ્યુતિનો ઝરો;

ઉપરથી શું કૈં _ ના જે વસ્તુ _ ડબાક જળે ખર્યું,
સર થઇ ગયું વર્તુલોમાં તરંગિત વિસ્તર્યું ;

કયહીંક ફૂલડું ફૂટયું તેના ‘ટપ’ ધ્વનિ ફોરતો

વન ફરી વળ્યો આન્દોલાતો હવાજળ ડ્હોળતો;

કુસુમકળીઓ શબ્દાઇ તે વનાંચલ કલ્બલ,
ફૂલફૂલ થયા સૂરો; શેઠે પરસ્પર કર્બુર !
ધ્વનિ-રસ-દ્યુતિ-સ્પર્શે ગંધે તૂફાન અહો, ઊઠયું !
સવર-કુસુમના વર્ણો છંદ્યા, રહસ્ય ફૂટું ફૂટું :
શુંય થઇ જશે મારા પતંગિયું આખરે ?

નથી નિખિલમાં ઠેકાણું કૈં, કશાયનું કયાંય રે !

# ઇચ્છાઓની વસંત

ગઇ કલે કયાં આ વળી બધું હતું ? કચ્છપ સમી
બધી સંકોચાઇ ટૂંટિયું વળીને મારી પ્રથમી
અનાકારે લોચા સમી પડી'તી રોડા શી ગગને,
અને આ જોઇ લ્યો, સિકલ ફરી ગૈ આજની ક્ષણે !
હું કેવી લાગું છું ? પ્રીછ પણ પડે ના અશી કશી,

લીલી રાતી ક્રાન્તિ કમનીય ગઇ કામણ કરી !
ગઇ કાલે શુભ્રે વસન હતી વેરાગણ જશી,

બની ગૈ છું આજે તીતલી-વરણી કો નરી પરી !
અહો, ઇચ્છાઓની પુલક ઊઠી છે જંગલ ઘની

મને, ને ઇચ્છાઓ મુકુલિત થતી પુષ્પિત થતી

શગો જાણે સો સો થઇ ઝળહળી આરતી તણી,
હજારો કર્બુરે વરણ મન જ્યોતિ ઝળકતી !
મને જ્યાંત્યાં બાઝયો અલિ-તીતલીનો રંગીન ઝૂડો

અહો, ઇચ્છાઓની ગુનગુન ! ઊડયો છે મધપૂડો !

# વિરહના ચાતુર્માસ

વૈશાખે અમને વ્રેમંડ દીધું ને
જેઠે આપી જોગણ ઝાળ જી,
અષાઢે આડશ ઇન્દ્રધનુની, ને
પાંપણે તોરણમાળા જી;
અમે અખંડનાં પંખેરું, અમને
ભવની દીધી કોણે ભીંત જી ?
પ્રેમ પ્રગટિયો પાતાળે, એણે
પાછળ આપી પછીત જી;
આયખાએ મુંને ઓરડી આપી ને
વિરહે તે આપી મુંને બારી જી,
શ્રાવણે બારીને સળિયા સળંગ દૈ
ભાદે ભરી ઝીણી જાળી જી :
આસો તે માસે ને આસે ને પાસે
અંદર ને વળી બહાર જી,
અઁસવન કેરી ઝાકળ ઝીણનો

વેરાયો નવલખ હાર જી;
કોઇ અલખે મને આંખડી આપી, ને
કોઇ ત્યાં આપી ગયું આંસુ જી,

સળંગ સળિયા સાહી સાહી કોઇ
સાવજ ઝૂરે રે ચોમાસું જી.

## સાપુતારા (બીજી મુલાકાતે)

જતાં અને આવતાં

લાવ્યો હતો ઘરથી નીકળતાં, પછીતના
વાડા તણા તરુની ખાનગી એક વાત હું,
એ સાંભળી ગયું હશે અથવા અમારું
_ ચાલાક તે _ કળી ગયું જ હશે ઉતાવળે

સ્પંદન્ત રક્ત, ઘર-બારણું જ્યાં હું દેઉં છું

'સાથે મનેય લઇ જાવ ઉખેડી,' ભાંભરી
જે ડાળીઓ ઝૂકવી ઝૂકાવીને ઝૂર્યું છ એ;

હું વાત એની અખિલે વન વેરતો ગયો;
પાછો વળું છું; ઘર પાછળના તરુલિયે
લૈ જાઉં છું વનની ગોઠડી (પૂછશે જ એ)
આંખો મહીં અસીમની અખિલાઇ, ચિતમાં
ઊંચોનીચો શિખરિણી-લય પ્રૌઢ પ્હાડીનો,
કર્ણો વિશે કલરવો, ભૂખરી હવાઓ
હું ફેફસાં ભરી ભરી વન આખું ઉપાડી લાવ્યો !

# બે સૉનેટો

## 1.અપરાધ

ઘર ભીંતની જ્યાં ફ્હેલીવ્હેલી ચણી દીધ આડ મેં,
તકતી મૂકીને નાચી ઊઠી હતી જયહીં સભ્યતા,
કરણી થઇ હા ત્યારે હુંથી અઘોર અધર્મની,
સકલ અવકાશોનો ગોનો અક્ષમ્ય, અસીમનો !
પછીની સદીઓમાં આ છિદ્રે અનર્થ વધ્યે ગયો;
ગગન અડતી દીવાલો પે દીવાલ ચણ્યે ગયો !
તરડ પડતી તોયે જાગ્યો નહિ - ચણતો ગયો !
કૂંપળ ફૂટતાં કાષ્ઠ-દ્વારો ભડોભડ ભીડી દૈ
અયસની બધે જાળી આડી-ઊભી વણતો ગયો !
ઊકલી ગઇ રે ખુલ્લાશોની ધીમે ધીમે પડી હતી ટેવ જે,
સરસ રજનીઓ, તારાઓ-ખચ્યો અવકાશ આ !
સરસ ઊંઘતાં મેદાનોની હવા; બધુંયે મૂકી
બહિર જરી કૈં ડોકાઇ, દે ભડોભડ બારણાં
બહિર મૂકીને આનંત્યોને ખૂણા ખણતો રહ્યો.

## 2.આભાર

અમે તો આકાશો ભણી પીઠ કરી’તી ભીંત ચણી;
અરે, સારું છે કે હજી પણ અમારા ઘર મહીં

ઘણે ઊંડે ઊંડે ઊડતી ઊડતી આવી ભીતરે

ગૂંથે છે માળાઓ કબૂતર, કપોતો, ચકલીઓ;

લઇ આવે થોડું ગગન ઘરમાં એ મિષ વળી;

અમો સૌનાં ઋણી : નભતી ઘરમાં જેથી નભતા;

હજી સારું છે કે શિર પર રસોડે તણખલાં;

ઝીણી ચીંચીં, ટ્હૌકા, મલમલી પીંછાંઓ ખરી રહે;
હજીયે આવે છે વનની લીલી ક્હેવા પરીકથા

હવામાં આઘેનું પરણ મનમાં છેક ખરતું;
હજી તો સારું છે : ભીંત-તરડમાં માથું ઊંચકી
વિના પૂછયા-ગાછયા તૃણ નીકળતું ફુક્ક કરીને;

ભલું કે મિટ્ટીમાં હજી વન તણાં આદિમ મૂળો;
હજી વાડા-છાડે નથી ઊઘડતાં પ્લાસ્ટિક ફૂલો.

## નદીના થાળાને

નદીના થાળાને વળી મન કશું ને સપન શું;
સદા એને તો એઇ. . .
ભરાવું, ઠલ્વાવું ઠલવઇ ભરાવું ફરી ફરી;
ભરતી અથવા બાઢ, સરખું,
અછરતું' થવા ગાઢ, સરખું,

તરડ અથવા વાઢ, સરખું,

ઘસાવું, છોલાવું
વહેરાઇ જાવું સમય થકી રે આવત-જતાં

જીવનથી ચડંતાં-ઊતરતાં;
ભરતી અથવા ઓટ, પણ શું ?
ચીમકી અથવા ચોટ, પણ શું ?
ક્ષણની પડી જે ખોટ, પણ શું ?
નદીના થાળાને વળી મન કશું ને સપન શું ?
સદા એને તો ઓઇ. . .
ભરાવું, ઠલ્વાવું,

ભરાવું ઠલ્વાવું, ઠલવઇ ભરાવું ફરી ફરી,
છલકવું, પછી ર્હેવું નીતરી.

## ડુંગરા

કે ડુંગરા હજીયે એના એ જ, અસલના આદિવાસી
રે લોલ.

કે ડુંગરા બદલાયા ના સ્હેજ, કે વંનના એકલ-નિવાસી

રે લોલ.

કે ડુંગરાએ, ક્હે છે કે, શ્હેર નથી દીઠું, કે ગાડીએ બેઠા નથી

રે લોલ,

કે ડુંગરાને ભલું તે મહુડાનું પીઠું, કે વાડીએ પેઠા નથી

રે લોલ.

કે ડુંગરા – ક્હે છે કે - કોક વાર રાતે કે સીમ લગી ઢૂંકતા

રે લોલ,

કે ડુંગરા જોયા છે કોઇ દી પ્રભાતે, કે પગલાં મૂકી જતા

રે લોલ.

કે ડુંગરા ઊઠે છે રાતના પ્હોરે, કે ધૂડની પાંખો ફટે

રે લોલ,

કે ડુંગરા અઘોરી આખો દી ઘોરે, ને રાતના મોડા ઊઠે

રે લોલ.

કે ડુંગરા કોક દી સાવજને વેશે, દીઠા મેં નદી પી જતા

રે લોલ,

કે ડુંગરા દવમાં દાઝતા કેશે કે દીપડા દીપતા

રે લોલ.

કે ડુંગરા કઠિયારા થૈ કાંધે, કે વગડે ટચકા કરે

રે લોલ,

કે ડુંગરા સાંજના ભારોડો બાંધે ને કેડિયું ઊતરે

રે લોલ.

કે ડુંગરા કોક વાર ધૂણે છે ઘેલા, ધણેણતા ધરતી બધી

રે લોલ,

કે ડુંગરા કોક વાર ભરતા મેળા, કે માથેથી તળિયા સુધી

રે લોલ.

કે ડુંગરા આજેય એકલું પ્હેરે લંગોટડીનું ચીથરું

રે લોલ,

કે ડુંગરા મળતા સાંકડી નેળે કે કામઠું ખંભે ધર્યું

રે લોલ.

કે ડુંગરા ભડકે છે શ્હેરથી નાસી, કે સીમથી પાછા વળે

રે લોલ,

કે ડુંગરા અસલના આદિવાસી કે મંનની વાટે મળે

રે લોલ.



અનુક્રમણિકા

## પથોન્મત્ત

અહીં વળી કિયો હીંડે? હીંડે બલા મુજ આ સમે;
વહી જ જઉં છું ફંગોળાતો, અડયો-ન-અડયો પથે;
હડુડુ પવને ઠેલંઠેલા, અયત્ન જ અર્ણવે
તિમિરજળમાં વેલાન્દોલે, હવે મઝધારમાં;

અસીમ છલકે ચારે કોરે, લિયે લયમાં મને,
ઢચક ઢીંચી જૌં માટે ઘૂંટે વિલોલ પ્રપૂર્ણને !
પદ મદલયચ્છંદે કાંપે, જરાક હું અંગૂઠે
વજન દઇને દાબું : ઓહો રસ્તો ! જરા ઊછળી કૂદું

કયહીંક ઊંચકાયે છે જાણે ઊભો ઊલળી રથ !

કયહીંક દરિયામાં ડૂબે છે નીચો પલળી પથ !

ચરણની ડૂંખે ઓહો, રસ્તા ફટાફટ ફૂટતા !
નયન-પથનું તુફાં ! વેલા સમા ગૂંચ-વીંટતા !
ઘર ભણી વળું ખેંચાતા રે, તડાતડ તૂટતા !

ચરણતળિયે ચોંટી ચિત્તે પ્રવેશત ચોરટા !
આ શૂન્ય તે વળી હશે શું ?

આ શૂન્ય તે વળી હશે શું ? પ્રિયે, ન જાણું,
તાગી શકયો, તરી શકયો, સમજી શકયો ન કૈં,
શેનું બનેલ ? ઇંડું ફોડી શકયો ન મર્મનું;
મેં આસમાન ગણીને ટહુકો કર્યો, તો

કયાંથી મળ્યો ન પ્રતિશબ્દ; જલૌઘ માનીને
ઝંપાવ્યું શબ્દતરીથી, કશું ના કપાતું
દૂરત્વ ! વિસ્તરતું ઓકળીનું ન વર્તુલે !
પાછી અફાટ અણતૂટ સપાટ રિક્તતા;

કો રિક્ત ભાંડ ગણી ધાતુનું પૂરના મેં
આંખો નિચોવી, પણ નિસ્તલ ! 'ટપ્પ'ના ધ્વનિ !
મેં આહથી હૂંફવવા ચહ્યું તો – અરે અરે,
થીજી ગઇ ત્યહીં જ બાષ્પ ! કશું ન વિસ્તરે;
આ શૂન્ય : ના તળિયું, ના તટ, ના કશું કશે !
એ આંસુ, શબ્દ, ટહુકા બધું કયાં ગયું હશે ?

# પ્રીતિની પાંચ ગીતિઓ

## 1. આંખ મીંચું તોયે

આંખ મીંચું તોયે અહીં બેઠાં આંખડી તુજને હેરે :
ઓ બેઠી તું બારસાખને અંઢેલી તવ ઘેરે. . .
આંગણે ઝૂલે લીમડો એનો ડોકાય બારીએ મ્હોર,
રણવેળાએ મંજરી ટહુકે કાનમાં તૂરી ફોર,
ચમકી ચંચલ થઇ ઊઠે તું કામના ડુંગર ઢેરે :

આંખ

બપોરની એક આળસુવેળ ને ચિત્તે મહીં નહીં ચેન;
અંગુલ ચૂપ કાપડું સીવે છે આંખમાં આછે ઘેન,
ઘડીએ ઘડીએ કર અટકે, કો તંદ્રા મનને ઘેરે.

આંખ

ઘેનને રેશમ દોરે, ઓરે વિરહિણી, એ કૈ વાત
સોય પરોવી સીવવા બેઠી, ભરવા બેઠી ભાત?
શમણા શું કંઇ આવી ફરકી જાય છે તારે ચ્હેરે.

આંખ

## 2. ભેટ

સૌની આંખથી છાની મુજને તેં આપી જે ભેટ
પિયુ હે, કયાં સંતાડી રાખું જાળવી જીવની પેઠે?

લાજની મારી મારી જાઉં કે જોઇ રખે લે કોઇ,

માનીશ ? ધોળે દિન અજવાળે મેં જ હજી ના જોઇ;
દાબડીમાં રાતે રાખું છું દાબી રુદિયા હેઠ.

સૌની

આખીય રાત રુધિરના રગરગ વધી જાયે ધબકારા,

દિનભર પુલક રહે ને થંભે પાંપણના પલકારા,

હસું ? રડું ? ક્હે : કયમ સંભાળું તવ વ્હાલપની વેઠ.
સૌની

ચરણ ત્યારથી ભૂલી ગયા છે નિજ સ્વાભાવિક ચાલ,

અંગઅંગ પર ઊગી નીકળ્યું બોલકણું તવ વ્હાલ,

લોકથી રક્ષી કયમ લૈ જવું એ કાળની પારે ઠેઠ ?
સૌની

## 3. પરી

કો ભરતીની છોળે નીકળી આવ્યો'તો તવ આરે;
ઝંઝામાં તરી ઉપર-નીચે પછડાતી મઝધારે.

તવ તીરે લંગર નાખ્યું પણ કોઇ નહીં પિછાણ;
અમથી આંખ પૂછી બેઠી'તી તુજને : 'હે અણજાણ !

રાત આટલી પડી રહેવા તો દેશોને તવ દ્વારે ?'

કો ભરતીની

આંખ મીંચાઇ થાકીપાકી ત્યાં શમણે લ્યો, આપ !
પરીનો ચ્હેરો ચમકી ઊઠ્યો મોજ સંમુખ નિષ્પાપ !
અદ્ ભૂત ! આવ્યા અભિયાગતને અપનાવ્યો વરમાળે !

કો ભરતીની

નિર્જન સૂનાં રાજ પડયાં ને રજનસૂના મ્હેલ,
કળશ હાથણી ઢોળી બેઠી દરવાજે જે પ્હેલ :

આપણે કોઇક વાત ! પરીની પ્રીત પાઇ કઠિયારે !

કો ભરતીની

## 4. તે ક્ષણથી જ

સપન-નદીમાં વહી આવ્યો કોઇ સોનપરીનો વાળ,
તે ક્ષણથી રઢ લાગી ગઇ ને જાવ અહીં અંતરિયાળ.

તે ક્ષણથી લોચનિયે જીવન અધ-ઊંઘનું કોઇ શમણું,
વાળ રચે કોઇ વેણી, વેણી મુખ રચે કોઇ નમણું;

કોઇ જનમનું નામ દઉં ત્યાં પીગળે પરદા પાર.

સપન-નદીમાં

રાત પડે ને તડપી રૂહે જીવ 'અણ-અહીંયાં'ની વાતે,
કહે છે : કદી કો કિંકિણીરવ હજી વહી આવે છે ઘાટે,

કહે છે, કોઇ પનિહારી હેલે ભરી લાવે ઝંકાર.

સપન-નદીમાં

તે ક્ષણથી લાગી ગયું અમને 'અહીં'નું અણિયલ મ્હેણું,
પરી વરીને વળીશું પાછા, પૂરું અહીંનું લેણું ;
પંખાળે ઘોડે ગાજે દૂર શમણે ડુંગરમાળા.

સપન-નદીમાં

## 5. એક જ વાડથી

એક જ વાડથી જૂજવા જૂજવા

ઝૂરે આપણા વાડા,

રાત થઇ થઇ જાય છે ઓ ગમ

કયાંક ખરી મુજ દહાડા;

વેદના કેરી વેલ ચડી, મુજ

ભોંયમાં નાખી મૂળ,

સાંજ પડે ને ભીંતની તારી
મેર ખરે મુજ ફૂલ,

પાંદડાં મુજ તુજ આંગણ ઊડે,
જાય ન વાળી કાઢયાં.
એક જ

પાંદડાં મુજ વાળી-ઝૂડી તું
કરશે બારણું બંધ,

ફૂલ ઉવેખીશ, કેમ રે કિંતુ
ખાળીશ એહની ગંધ ?
ગંધ ન જાણે રોકે ન ટોક ન
પ્હાડ ન પર્વત આડા.

એક જ.

---

# જો વાંધો ન હોય તો તમને _

કયારેક પત્ર હજીયે લખતાં રહો તો ?
એમાં તમારું સુખિયાં ! કશુંયે ન જાય;

જે બેક અક્ષરનું ભાગ્ય મળ્યું અમોને _
જે બે ક્ષણો સુધરી અત્ર અમારી જાય;
થોડું ભલે, અમથું આ કણમાંય વર્ષો;
જે બે ટીપાં નસીબમાં અમને મળ્યાં તે -
ના ઊગશે કશુંય જાણું છું – તોય, તોય _
આ બાપડા વગરકારણ હિજરાતા
છો બે કણો જનમના તરસ્યા ભીંજાય;
સૂકા બીડે વરસશો નહીં, જાવ; માત્ર

આવો ફરીથી થઇ ઝાકળ, બેક બુંદ;
છો બેક કંઇ તણખલાં પલળી મૂળોમાં

વર્ષાભ્રમે કુતૂહલાય, ટટાર થાય;
એમાં તમારું સુખિયાં ! કશુંયે ન જાય.

## મેણું

તું પંગુને ગિરિ હિમાલય લંઘવી શકે,
માનું; પરંતુ જણ એ અહીં આવી તો શકે
મારી  કને ડગલું એક ભરી, _ અશક્ય;
ના શૂન્ય આ તસુ કપાય ટૂંકાય તુંથીયે.
વાચાળ તો કરી શકે હજી મૂકને તું,
માનું; પરંતુ જણ એક તણા  અબોલા
તૂટી શકે ન તુજથી; જણ બે વચાળનું
આ શૂન્ય-મેરુ સમ-તું જરી તો ચળાવી જો.
હા, તું કરી, અ-કરી, સર્વ શકે, પરંતુ
તું અન્યથા કરી શકે ન અભાગ્યા મારું આ;
સર્વત્ર તું નથી જ, બોલ, અમારી બે વચે
આ શૂન્યતા-તરડ : વ્યાપી શકાય તુંથી તે ?
તું મારું આટલુંક મેણું ઉપાડી ના શકે,
'હાર્યો', કબૂલ કર, દસ્ખત મૂક અત્ર, લે !

## સાંજુકા પવનોમાં

અહો, લ્હેરાઇ આ પવનલહરે કોનીય લટો !
મને વીંટી લે કો નજર બીજ શી પાંપણ વડે !

મને સ્પર્શે છે કો બિસથી મસૃણા રેશમ વડે !

હલાવી નાખે છે તૃણસમ મને વ્હાલઝપટો !

મને ખેંચી કાઢે ઘરથી પથ કો સાદ દઇને,

મને બોલાવે એ કરથી અડકીને પવનના,

બધું છોડ્યાનું ક્હે અહીંનું અણસારે ગગનના,

અજાણ્યા હે, આ શું ? પળનીય પૂરી પ્રીછ નહીં ને ?

અહો, આ તે કેવા પ્રણય ? તમ કૈં નામરૂપ ના,

તમારો આ તે શો અનુનય કશા કારણ વિના ?

ખૂલાં આકાશોની બિચ ગલીપચી, પાગલ બુકી !
મને ભેટો, તે છો કવણ ? પ્રીછ દ્યો, એઇ ઇશકી !

તમારી સંગાથે હુંય કશીય સંજ્ઞાહીન થઇ
હવાની ઝોકોંમાં ઊડું છું – 'તમને ચાહું છું' - કહી.

## સ્વસ્થ તાજા અવાજ

એ ઊઠે કે ઘર મુજ ઊઠે, જે સૂતું એ સુવાથી,
એને ઊઠ્યે દિવસ ઊગતો સ્વચ્છ તાજી હવાથી,

જાગે ચલ્લી-નીડ ઘર વિશે, પીપળે પર્ણ સાજ,
જાગે જયાં એ મુજ ઘર વિશે સ્વસ્થ તાજો અવાજ;
માએ વર્યું ચણ ચબૂતરે ચાંચમાં લેઇ ચૂગી.
( જે ચંચૂઓ ચણ પર ક્ષણાર્ધે રહેલી ન મૂગી.)
એ પાંખોની હલચલ હવે શબ્દની છોળ-સેર
મારા માંદા ઘરથી નીકળી ઊડી ગૈ આભ મેર;

સાંજે જયારે ઘર ભણી વળે લોહીનો એ ઉછાળ
લાવે ઠાંસી દફતર ભરી ઘેર આખી નિશાળ,
ત્યાં ગાયેલાં ગીત અહીં હવે ઊછળે ગેહપાત્ર,

મારા થાકયા ઘરની છતને ઊંચકે; - એક માત્ર
મારા સૂના ગૃહની વસતિ, સ્વસ્થ તાજા અવાજ,
તાજા ટ્હૌકા, વિહગ-પરીના ગોઠિયાનો સમાજ.

# ગામ નજીક આવતું જાય છે તેમ તેમ

સાને હવે ઊડતું ઊદતું ગામ આવતું
આંધી મહીં ઘૂમરતું પીત પાંદડું થૈ,

(એની પરે ચીટકી કોઇ કીડીય હું કળું)
એ આપણી સીમની પીપરથી ખરેલું
હોઇ શકેય;
એ પાંદડું સૂંઘું છું ઉચ્છ્ વસી ઉગ્ર, તેમાં
ટ્હૌકો રહે તરી પ્રલંબ વળાંકને લયે,

એ આપણા સીમ-તળાવ-ની કુંજડીનો
લાંબો લચાક, લચી ડોક થકી ઊઠેલો

હોઇ શકેય;
આ ઝુંડ ઝુંડ તરુ-ફૂલ-પતંગ સામટાં
આવ્યાં ઊડી પવનમાં પીમળંત પોપચે,
એ એટલાં નિકટનાં વરતાય છે કે -

કે આપણી પછીત કોઇક વાડ-મ્હોર્યા

હોઇ શકેય;
આ છાઅણમાટી તણી ગારની ગંધ આવી લો;
કોળી ઊઠી ઢૂંકડી લીંપણ ઓકળીઓ,

(રેખાય  હાથ  તણી  અંકિત  આછી  એમાં)
એ  આપણા  ઘરની,  બાની  હથેળીઓની

હોઇ  શકેય;
ઓ  કાળની  ઉપર  અંગોલ  ઊંચકાયા,

ઓ  ઓટલા  ઉપર  સ્હેજ  વળ્યાંય  ટેરવાં,
ઓ  ઊંચકાય  ઘર  દાખવતો  ગલીમાં,
‘આવા’વ’ના  અરવ  શબ્દ  ભીંતેભીંતેથી . . .
કોનો  હશે ?  સમય  પારથી  વ્હાલ  આટલું
ને  આટલો  હરખ  બા  વિણ  અન્ય  કોનો
હોઇ  શકેય ?

# વતન એટલે

વતન એટલે છેવટે તો એક છાંયડી;

છાંયડીને બાનો ચહેરો :
વતનને બાનો ચહેરો;
ઘર એટલે તુલસીનું માંજેરવાળું કૂંડું,
કૂંડામાં સાંજનો દીવો,
દીવો એટલે શીળી આભા,
આભાને બાનો ચહેરો,
ઘરને બાનો ચહેરો;
પર્વ એટલે બાના હથનો સાથિયો,
સાથિયો એટલે
ઉમરા આગળના કંકુના મોટા ચાંલ્લા,
ચાંલ્લો એટલે બાના ભાલનું અખંડ સૌભાગ્ય,
ચાંલ્લાને બાનો ચહેરો,
પર્વ એટલે બાનો ચહેરો;
દિવાળી એટલે દેવનું ઘર,

દેવના ઘરમાં ચાળણી-ઢાંકયો અખંડ દીપ,
અખંડ દીપને બાનો ચહેરો,
દિવાળીને બાનો ચહેરો,

સમય એટલે ભીની નીકવાની ગલી,
ગલી એટલે વીતેલા બાળપણના ઓઘરાળા,
ઓઘરાળામાં બાનો ચહેરો,
સમયને બાનો ચહેરો;
વતનને બાનો ચહેરો.

# જો હોય

આવી જ એક ક્ષણ હોય,

સામે અષાઢઘન હોય;

ફણગો ફૂટે અડકતાં જ

ભીનો ભીનો પવન હોય;

જે તે ચણ્યું ગમે ના,

કાચું પીમળતું વન હોય;

ઊગી જવાય વાડે

જો આ ક્ષણે વતન હોય;

જામેય જાય મૂળિયાં

જો થોડું બાળપણ હોય;

સિમેન્ટમાં ઢૂંઢું છું :

એકાદ મિટ્ટીકણ હોય;

ઠરવા ચહે છે આંખો

હરિયાળું કયાંક તૃણ હોય;

બોલાવે ઘેર સાંજે

બાના સમું સ્વજન હોય.

# વસંતમાં

તડકો ફૂટયો તે ગયો અડકી વસંતમાં;
તસ્સ તસ્સ ટેકરી ફૂટી હો લાલ મોરા !
ટેકરી ફૂતીને હું તો ભડકી વસંતમાં;
કગળ પડેલો મારી આગળ આ કોરો
તે તડકામાં સ્હેજ રેખ આંકું,
તડકો તો નંદજીનો છોરો નઠોરો,
હવે તડકાની ઝાળ કેમ ઢાંકું ?
લસ્સ લસ્સ લાજમાં લૂંટી હો લાલ મોરા !
લાલ લાલ ગ્વાલનની લડકી વસંતમાં,
ટેકરી ફૂટીને હું તો ભડકી વસંતમાં;

કાગળની કાપલીની ચીપ વાળી વાળી
કંચવામાં ગોપવુંય કેમે ?
તડકો સ્ફૂરે છે મારી છાતીએ અજંપિયા
ટાંકયાં પતંગિયાંના વ્હેમે,

ધગ્ગ ધગ્ગ લોહીમાં ઘૂંટી હો લાલ મોરા !
છાતી રહે ધડકી ને ધડકી વસંતમાં.
તડકો ફૂટયો ને હું તો ભડકી વસંતમાં.

## વરસાદમાં વતનની યાદ

આ પરથમ પ્હેલા ઘનઘેર્યા આકાશે
વતન હો વ્હાલા ! આપણા એટલ પાસે,
                    આપણા એટલ પાસે,
ઘરવાડે જે ઘાસ-ઊઠયો તવ શ્વાસ
ભળી જાય અહીં આવીને મુજ શ્વાસે,
આ પરથમ પ્હેલા ઝરમર ઝરિયા ઘાસે;
વતન હો વ્હાલા ! એક કાંકરી ફેંકું
                અહીંથી એક કાંકરી ફેંકું,
આપણું પેલું તળાવ ડહેકું ડહેકું,
તેમાં જઇને પડે,
- ને તળાવ છંદે ચડે, લ્હેકું લ્હેકું
તળાવ છંદે ચડે !
- ઓ દેખાય . . .
ઓ રહી આપણી રૂડું રમરમ રમરમ
                    રવરવતી રે સીમ,
આપણો પેલો કાંસ વહી રીમઝીમ,
ઓ કાંઠે કોઇ મગના ફૂટયા ફણગા જેવું

આપ્ણું ઘર દેખાતું લાગે;
એક કાંકરી ફેંકું, વતન હો વ્હાલા !
એક કાંકરી ફેંકું,
પણિયારાની માટલીએ જઇ વાગે,
તરડ તો ટપટપ, ટપટપ
ટપકીને વહી જાય
’ટપટપ’ ‘ટપટપ’ અહીંના મારા
શ્રવણોમાં નીક થઇ ટપકાય !
અહીંથી ઊઘડયું ઇન્દ્રધનુ કોઇ નળિયાથી
અહીં આ મારાં ઝળઝળિયાંથી
વતન હો વ્હાલા !
આપણ પેલા આથમણા પાદરિયે ઊગ્યા
જાંબલિયા ડુંગરિયે
જતુંકને ભળી જાય.
આ પરથમ પ્હેલા ઝરમર ઝરિયા ઘાસે,
આ પરથમ પ્હેલા ઘનઘેર્યા આકાશે . . .

## સર્ગ

1

ન્હોતો સૂરજ, ન્હોતો તારા :
એકલાં એકલાં ડ્હેકત નારા;

નારા ચીરી નીંકળી અણી
શૂન્યતા આખીયે ઝણઝણી;
નાભિદંડ પે તેજની કલી
ધીમે ધીમે રહી ઊકલી :
નાભિનો ડોલંતો દંડ,
કલીમાં બ્રહ્મનું ઊછેર અંડ;
તેજની કલીએ ક્હાઢયું મ્હોં,
છટક્યું નભ ને ફાટયો પ્હો;
ઊઘડી ગયું આખું શતદલ,
પરિમલનો પમર્યો અંચલ;

પરિમલ થઇ પ્રસર્યું વ્રેમંડ
પડઘી ઊઠયા પરથમ છંદ.

2

શાશ્વતમાં તડતડિયો અબ્દ,
પુલક ઊઠી મૌને થઇ શબ્દ;
વીંટા ઊકલ્યા, ઊકલ્યો ભેદ,
પરથન પહેલો ઊઘડયો વેદ;

શબ્દ ઢળે છંદોને રૂપ,
મર્મરિયા પવનો જે ચૂપ;
કલમ પરે કો' કમલાસના
કેરી ઊઠી મધુર વ્યંજના;
અતટ નીચે લ્હેરાતાં અમ્ભ,
ઉપર શતદલ આરૂઢ બ્રહ્મ;

હિરણ્યમય ગોપાયાં ભર્ગ,
શબ્દ થયો માયાવી સર્ગ.

# મશ્કરી

ખરી કરી છ ઠેકડી કરુણ આપણી કોઇએ;
અસ્પષ્ટ  સઘળું જ, કોઇ દરસે ઝીણી આંખને
સૂદુર થકી સ્હેજ, અર્ધક્ષણ; ઝાઝું ર્હે ઢાંકણે
રહસ્ય, હજી કોઇએ સુરત તો નથી જોઇ એ;

ન હોય કશું, હોય કોઇ ઠગતું જ આકર્ષણે;
અરે શી મળી જિંદહી ! મળી ન હોત તો મોઇ એ;
અસત્ય, અર્ધસત્ય, કોઇ અણસાર આભાસ પે
ઝુકાવી દઇ જિંદગી ઝૂઝવું વ્યર્થ આશ્વાસને
સુદીર્ઘ અધઝાઝું આયુ, પછી કોઇ મોડી ક્ષણે

અશક્ત મતિ – ઉંમરે થવું અભ્રાન્ત, એક આશા ખપ્યે.
વળી અવર આશના ભ્રમણમાં ભટકવું ભ્રમાલંબને;
અહો જીવન ! થાકમાં ભમવું ભુલભુલામણે
ભ્રમેથી ભ્રમમાં, ભ્રમેથી ભ્રમમાં
પિયાસ ખરી ઝાંઝવે ટોઇ એ,
ખરી કરી છ મશ્કરી નિષ્ઠુર આપણી કોઇએ,

# આટલે તનિક નેડે

આટલે તનિક નેડે
કેમ જવાશે કાળના આવા
અપરંપારને છેડે ?
તારી આવી પ્હાડ-શી અચલ ધીર,
ને હું ઝરણું કલકલ ચંચલ નીર,
ઊપડું ઊપડું પગ મારા ને
તું તવ ઘેર ન તેડે ! આટલે
કાળમાં તને આવડો શો વિશ્વાસ ?
આપણી પાસે કેટલો સિલ્લક શ્વાસ ?
આપણું ઝાકળિયું નથી ઢૂકડું;
ઠેઠ અસીમને શેઢે. આટલે
ધ્રુવનું કોઇ કોડિયું પેટવી જાગે,
કોઇ આપણી રાહ જોતું જો, લાગે
આઘે આઘે;
અમીટ મારી આંખડી એ પ્રિય,
રંગમહેલને મેડે. આટલે



અનુક્રમણિકા

## મન માને તબ આજ્યો

મન માને તબ આજ્યો
માધો, મન માને તબ આજ્યો રે.
આ ઘડીએ નહીં રોકું,
રોકયું કોણ અહીં રોકાશે?
ખોલી દીધા દરવાજા,
વીંટળાયા અવકાશે,
મનભાવન ઘર જાજ્યો રે. માધો

ખત નહીં લખીએ, નહીં લખલખીએ,
નહીં કહીએ કે 'તેડો',
કોઇ દન અહીં થઇ પાછા વળજ્યો,
એટલું જાચે નેડો.
બે ઘડી રોકાઇ જાજ્યો રે. માધો

મૂકી ગયા જે પગલાં
તેની ધડકે હજીયે ધૂળ,
વિરહને નહીં થાક, અમો તો
હરઘડીનાં વ્યાકુળ,

હર  ટહુકો  દરદે  તાજો  રે,  માધો.
મન  માને  તબ  આજ્યો,  માધો.

## પ્રેમ તણી આંગળિયે વળગી

પ્રેમ તણી આંગળિયે વળગી નીકળ્યો છું જગ-મેળે,
વ્હાલપથી એ રહ્યો ફેરવી અહીંત્યહીં ને ચોમેરે.

ઘેર મૂકી આવ્યો છું ચિંતા,
જઇશું જવાય ત્યારે;
એની હમણાં વાત વળી શી
ઓચ્છવમાં અત્યારે?
રાત પડ્યે એ જાતે મુજને મૂકી જશે નહીં ઘેરે?
પ્રેમ તણી

પ્રેમ તણી આંગળી આ આવી
મળી છે કે ફરી મળશે,
હું તો અબ અહીં અઠે દ્વારકાં;
પુલકિત અંગુલિ સ્પરશે;
વ્હાલ હશે તો તેડી જશે એ, નહીં તો આ ય ન એળે.
પ્રેમ તણી

## હે તૃણવતી !

હું તુંથી તો ક્યારે વળી દૂર ગયો'તો જનની હે?
તું એની એ તો છે, અહીં તહીં બધે એકસરખી !

હતી ત્યાં મારા એ ઘર પછીતવાડે હરીભરી,
તું એની એ તો છે !કયહીં હદ પૂરી? કયાં શરૂ નવી ?

હું તો જાણે મારા વતનઘર છું, આંગણ થકી
ફર્યો ખંડે ખંડે સહજ લઘુ ઓળંગી ઉંમરો !
ફર્યો છું જાણે કે તવ નજરની કાળજી મહીં,
રહ્યો કયારેયે ના તવ વછલ ચિંતા વિણ કયહીં;
અમસ્તીએ મૂળે પ્રિય તું હતી કૈં કારણ વિના,

અને આ યાત્રાન્તે પ્રિયતર મને – શી ફલશ્રુતિ !
ઘણા પ્રશ્નો તો છે અમ મનુજના, કયાં લઢીવઢી

પડયોયે છું; ભાષા કવચિત્ સમજ્યો ના-બન્યું હશે,
અબોલો તુંથી તો નહીં જ, પર કદી ન'તી તું ગુણવતિ !

તું એની એ તો છે ! તૃણવતીય પ્રીછું તૃણવતિ !

---

**************